# સૌરાષ્ટ્ર-કચ્છમાં ભૂકંપની નવી ફોલ્ટલાઇન સક્રિયઃ ૪૮ કલાકમાં ભૂકંપના ૧૭ આંચકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*રાજકોટ:* સૌરાષ્ટ્ર-કચ્છમાં ભૂકંપની નવી ફોલ્ટ લાઇન સક્રિય બની છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪૮ કલાકમાં ભૂકંપના ૧૭ આંચકા આવ્યા છે. બુધવારની વહેલી પરોઢે કચ્છના ધોળાવીરામાં ૧.૭ની તીવ્રતાનો અને ભચાઉમાં સવારે ૬.૩૦ વાગ્યે ૩.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ કચ્છનાં ધોળાવીરા અને ભચાઉમાં આજે સવારે ૧.૭થી ૩.૩ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. ભૂકંપનાં ફરી આંચકા આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪૮ કલાકમાં ભૂકંપનાં ૧૭ આંચકા આવ્યા છે. આ અંગે સિસ્મોલોજી વિભાગમાંથી મળતી માહિતી મુજબ બુધવારે સવારે ૪.૧૦ વાગ્યે કચ્છના ધોળાવીરામાં ૧.૭ તથા ભચાઉમાં સવારે ૬.૩૬ વાગ્યે ૩.૩ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. કોઈ નુકસાન થયાનું જાણવા મળ્યું હતું.

ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી સેન્ટરના અહેવાલ મુજબ ૫.૧૬ વાગ્યે બોટાદ નજીક ૨.૦ની તીવ્રતા ધરાવતો ભૂકંપ અનુભવાયો હતો. જેનું કેન્દ્રબિન્દુ બોટાદથી ૩૧ કિ.મી. દૂર નોર્થ-ઈસ્ટ દિશામાં નોંધાયું હતું. જ્યારે મંગળવારે સાંજે ૬.૦૮ વાગ્યે જામનગરથી ૨૬ કિ.મી. દૂર સાઉથ ઈસ્ટ દિશામાં ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જ્યારે રાત્રીના ગીર સોમનાથ જિલ્લાના તાલાલા નજીક ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. જેમાં રાત્રીના ૮.૨૯ વાગ્યે ૧.૩ અને રાત્રીના ૧૦.૦૨ વાગ્યે ૧.૨ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જ્યારે કચ્છમાં વહેલી સવારે ૪.૦૯ વાગ્યે ૧.૭ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. જ્યારે સવારે ૬.૩૬ વાગ્યે કચ્છના ભચાઉમાં ૩.૩ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. ■

# આશાપુરા માતાજીના જય જયકારથી માર્ગો ગૂંજ્યા

## ▸રાજકોટથી માતાના મઢની પદયાત્રાને ભાવભેર વિદાય





(અમારા પ્રતિનિધિ તરફથી)

*રાજકોટ:* આસો નવરાત્રીના દિવસો ધ્યાને લઇ દર વર્ષ મુજબ આ વર્ષે પણ માં આશાપુરા પદયાત્રી સંઘ રાજકોટ દ્વારા માતાના મઢ કચ્છ સુધીની પદયાત્રાનું આયોજન કરાયુ છે. જેને આજે બાવનગજની ધ્વજા લહેરાવી અહીંના પેલેસરોડ આશાપુરા માતાજીના મંદિરેથી માતાજીના જય જયકાર સાથે વાજતે ગાજતે પ્રારંભ કરાવાયો હતો. માં આશાપુરા મિત્ર મંડળ ભગવતી ગ્રુપ ભગવતી ચોક પેલેસે રોડ ખાતે યોજયેલા સમારોહમાં સવારે બાવન ગજની ધજા લહેરાવી પ્રસ્થાન કરાવાયું હતું. આરતી ગરબીની રમઝટ બાલાવવામાં આવેલ. ભાવિકોને જલેબી અને ગાંઠિયાની પ્રસાદી અપાઇ હતી. આ પ્રસંગે યુવરાજ શ્રી માંધાતાસિંહજી જાડેજા, યુવરાણી શ્રીમતી કાદમ્બરીદેવી, યુવરાજ જયદિપસિંહજી (ટીકા સાહેબ), રણજીતસિંહજી જાડેજા કોઠારીયા, શ્રી પદુભાબાપુ, આશાપુરાધામ ઠેબચડા, કોર્પોરેટર ગાયત્રીબા વાઘેલા, આશાપુરા મિત્રમંડળના આયોજકો નિતિનભાઇ મેવાડા, નીરજ ચાવડા, સિદ્ધરાજસિંહ જાડેજા, માં આશાપુરા સંઘના આયોજકો જયદેવસિંહ જાડેજા, સુખદેવસિંહ ઝાલા, દિગુભા જાડેજા, મધુભાઇ ચૌહાણ, મયુરસિંહ જાડેજા, વિનોદભાઇ પોપટ, જયેશભાઇ ઉપાધ્યાય તેમજ વિશાળ સંખ્યામાં સાધુ સંતો અને ભાવિકજનો ઉપસ્થિત રહ્યા હતા. ■

# ભાવનગરમાં મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સામે બજરંગ દળના કાર્યકરોએ દેખાવો કર્યા

*ભાવનગર:* શહેરની મુલાકાતે આવેલા રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના કાર્યક્રમનો બજરંગદળના કાર્યકરોએ ભારે વિરોધ અને સૂત્રોચ્ચાર કરતા પોલીસે ૧૭ કાર્યકર્તાની અટકાયત કરી હતી. ભાવનગરમાં મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના કાર્યક્રમ દરમિયાન આવેદનપત્ર પાઠવવા આવેલા બજરંગદળના આગેવાનો તથા કાર્યકરોને પોલીસે અટકાવ્યા હતા અને ૧૭ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. ભાવનગર-રાજકોટ હાઇવેને ફોરલેન બનાવવાની કામગીરીમાં રોડની વચ્ચે અડચણરૂપ ધાર્મિક દેવસ્થાનો પૈકી હિન્દુ દેવસ્થાનોને હટાવવાની નીતિ તેમ જ શહેરમાં સરકાર હસ્તકના ૨૦ જેટલા દેવસ્થાનોમાંથી દાનપેટી હટાવી લેવાની માગણી સાથે બજરંગદળના ઉપક્રમે મુખ્ય પ્રધાનને આવેદનપત્ર પાઠવવા આગેવાનો-કાર્યકરો એકઠા થયા હતા. જોકે પોલીસે તમામને ગેટ બહાર જ અટકાવ્યા હતા અને રકઝક બાદ ૧૭ જેટલા આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી હતી. ■

# રાજકોટની સિવિલ હૉસ્પિટલમાં સ્વાઈન ફ્લૂના વધુ નવ કેસ નોંધાયા

*રાજકોટઃ* સૌરાષ્ટ્રમાં ફરીવાર વરસાદી માહોલ સર્જાતા સ્વાઈન ફ્લૂના કેસોમાં પણ વધારો થઈ રહ્યો છે. રાજકોટની સિવિલ હૉસ્પિટલમાં વધુ નવ કેસ નોંધાયા હતા. જેમાં ૬ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. મંગળવારે સ્વાઈન ફ્લૂને લીધે બેના મોત નીપજતા મૃત્યુઆંક ૧૨૦ ઉપર પહોંચ્યો છે. શહેરની સિવિલ હૉસ્પિટલમાં રાજકોટ શહેરના ૪૭ વર્ષના મહિલા અને ખાનગી હોસ્પિટલમાં ૬૧ વર્ષના વૃદ્ધનું મોત નિપજતાંની સાથે કુલ મૃત્યુઆંક ૧૨૦ થયો હતો. દરમિયાન સિવિલ હૉસ્પિટલમાં વધુ બે દર્દી સાજા થતાં રજા અપાઈ હતી. આજે કુલ ૯ દર્દી સારવારમાં છે, જેમાં ૬ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. મંગળવારે વધુ બે દર્દી સાજા થતાં રજા અપાઈ હતી, પરંતુ ત્રણ નવા શંકાસ્પદ દર્દી આવતાં તેના રિપોર્ટ કરાવાયા હતા. જે દર્દી દાખલ છે તેમાં બે રાજકોટ શહેરના, પાંચ રાજકોટ ગ્રામ્યના તથા જૂનાગઢ અને અમરેલીના એક-એક દર્દીનો સમાવેશ થાય છે. ■



**ગરબાનું રિહર્સલ** રાજ્યમાં શક્તિની આરાધનાના પર્વ નવરાત્રિને આડે હવે માંડ અઠવાડિયું બાકી રહ્યું છે ત્યારે અમદાવાદ સહિતનાં સ્થળોએ ખેલૈયાને ગરબાની તાલીમ અને રિહર્સલ શરૂ થઇ ગયા છે. અમદાવાદના પાર્ટી પ્લોટ અને ક્લબમાં યુવતીઓએ ગરબાની પ્રેક્ટિશ શરૂ કરી દીધી છે. (તસવીરઃ જનક પટેલ)

# માતાના મઢે જતા પદયાત્રીને રાત્રે રિફ્લેટિંગ જેકેટ પહેરવા તંત્રની અપીલ

*ભુજ:* કચ્છના સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢે દર્શને જતા પદયાત્રિઓની સંખ્યા વધતી જાય છે ત્યારે રાત્રી દરમિયાન પદયાત્રિઓએ રિફલેટિંગ જેકેટનો ઉપયોગ કરવા પોલીસ દ્વારા યાત્રિકોને અપીલ કરવામાં આવી હતી. કચ્છ જિલ્લામાં તા.૨૦મીથી ૨૯મી દરમિયાન નવરાત્રિ મહોત્સવ તથા તા.૩૦મીએ દશેરા તહેવારની ઉજવણી પરંપરાગત રીતે કરવામાં ઊજવાશે.નવરાત્રિ તહેવારની ઉજવણીમાં જિલ્લાના શહેરો તથા ગામડાઓમાં માતાજીની ગરબીઓની સ્થાપના કરી રાસ, ગરબા, સાંસ્કૃતિક તથા મનોરંજનના વિવિધ કાર્યક્રમો તથા ગરબા હરિફાઇ, ઈનામી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દશેરાના તહેવાર નિમિત્તે ઘણા શહેરો તથા ગામમાં શોભાયાત્રાઓ, શસ્ત્રપૂજન, રાવણ દહન તથા આતશબાજી વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ ગરબીઓના તથા દશેરાના આયોજકોને તેઓની સંસ્થાનું નામ, મંડળનું નામ, આયોજકોના નામ, મોબાઇલ નંબર, ફોન નંબર તથા કાર્યકરોની અન્ય સંપૂર્ણ વિગતોની માહિતી લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા માટે તથા પૂરેપૂરી માહિતીની હકીકત આપવા માટે અપીલ કરવીમાં આવી છે. સંસ્થાના આયોજકોને તેમની સંસ્થાનું નામ, આયોજકોના નામ, મોબાઇલ નંબર, ફોન નંબર વગેરેની માહિતી સબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા માટે તથા જે પદયાત્રીઓ માટે તંબુઓ બાંધી કેમ્પો બનાવવામાં આવે છે તે રોડથી થોડે દૂર રાખવા તેમ જ પદયાત્રીઓ લાંબેથી આવતા હોવાથી થાકના કારણે તેમ જ અડધા રોડ સુધી સમૂહમાં ચાલતા હોઈ નાના મોટી જીવલેણ અકસ્માતો બનતા હોય છે, તે નિવારવા આવા પદયાત્રીઓના સંઘ આયોજકો તરફથી પદયાત્રીઓને રિફલેકટીંગ જેકેટનો ઉપયોગ કરે તેવું મકરંદ ચૌહાણ પોલીસ અધિક્ષક, પશ્ચિમ-કચ્છ-ભુજ દ્વારા જણાવાયું હતું. ■

# કચ્છના અંજારના ધારાસભ્ય વાસણ આહિરને હૃદયરોગનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*ભુજઃ* અંજારના ધારાસભ્ય અને સંસદીય સચિવ વાસણ આહિરને હૃદયરોગનો હુમલો આવતા તાબડતોબ સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ અંજારના ધારાસભ્ય અને સંસદિય સચિવ વાસણભાઈ આહિરને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. વાસણભાઈને તાબડતોબ સારવાર માટે આદિપુરની સ્ટર્લિંગ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં હાલ તેઓની સારવાર કરાઇ રહી છે તેમની તબિયત હવે ખૂબ જ સારી અને ભયમુકત હોવાનું જણાવાયું છે. પ્રાપ્ત માહિતી મુજબ અંજારમાં ભાજપનાં એક કાર્યક્રમ દરમિયાન મંગળવારે ગુજરાત સરકારનાં સંસદીય સચિવ અને અંજારનાં ધારાસભ્ય વાસણભાઈ આહિરને છાતીમાં દુખાવો ઉપડતાં તેમને તાત્કાલિક અંજારની હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા. ત્યાંથી તેમને ગાંધીધામની એક ખાનગી હૉસ્પિટલમાં લઇ જવામાં આવતાં ત્યાં તબીબોએ માઇનોર હાર્ટએટેક હોવાનું જણાવ્યું હતું. જેના પગલે તાત્કાલિક એન્જિયોગ્રાફી કરીને ઓપરેશન કરવામાં આવ્યું હતું. સંસદીય સચિવ વાસણ આહિરનાં અંગત મદદનીશના જણાવ્યા અનુસાર, કાલે મંગળવારે સાંજે સાડા છ વાગ્યાનાં અરસામાં વાસણભાઈ આહિર અંજારનાં ટાઉન હોલ ખાતે ભાજપનાં વિજય વિશ્વાસ કાર્યક્રમમાં હાજરી આપવા માટે આવ્યા હતા. તે દરમિયાન તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો એટલે તરત જ તેમને પહેલા અંજારમાં અને ત્યારબાદ ગાંધીધામની એક ખાનગી હોસ્પિટલમાં લઈ આવવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેમનાં હાર્ટની એક નસ બ્લોક હોવાનું બહાર આવતાં તરત જ તેનું ઑપરેશન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ઓપરેશન બાદ તેમની સ્થિતિ સારી હોવાનું તેમનાં અંગત મદદનીશે જણાવ્યુ હતું. ■

# ગારિયાધારમાં પણ 'વિકાસ ગાંડો થયો છે..' નાં બેનરો લાગ્યાંઃ લોકોમાં થતી કોમેન્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*ભાવનગરઃ* ગારિયાધાર શહેરમાં પણ ઠેર-ઠેર વિકાસ ગાંડો થયો છે, વિકાસ રઘવાયો થયો છેના બેનરો લાગ્યા છે અને સોશિયલ મીડિયા પણ સક્રિય બન્યું છે. લોકો રોડ-રસ્તા સહિત સ્થાનિક પ્રશ્નોની તસવીરો અપલોડ કરીને તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયામાં સરકારની યોજના અને સુવિધા સામે બેફામ પણે કોમેન્ટો અને અવનવા જોકસથી સરકારનો વિરોધ થઈ રહ્યો છે. જે એક પ્રકારે ભાજપ સરકાર સામે બાયો ચડાવી અરિસો બતાવવાનું કામ કરી રહ્યું છે તેવામાં ગત મધરાત્રીએ ગારીયાધારના વિસ્તારોમાં વિકાસના બેનરો મારવામાં આવતા શહેરમાં ભારે ચર્ચાસ્પદ વિષય બનવા પામ્યો હતો. આ બેનરોમાં ગારીયાધાર શહેરના ખાડા-ખાબોચીયા ભરેલા રોડ, ફિલ્ટર પ્લાન્ટ, બેલા રોડ પરનો પુલ, ગંદકીમાં ઊભેલી ગાય અને ટોળપાણ વિસ્તારનું પે એન્ડ યુઝ ટોયલેટના ફોટાઓ સાથે ગારિયાધારનો વિકાસ ગાંડોતુર, રઘવાયો, થયો છે. તેવા ઉદ્બોધનો કરવામાં આવ્યા છે. બેનરોમાં ભ્રષ્ટાચારથી ભડકેલા જાગૃત નાગરિક તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. જ્યારે આ બેનરો વડે ગારીયાધારમાં ચાલી રહેલો ભ્રષ્ટાચાર બેનરોના માધ્યમથી ફરી બજારોમાં ધુણતા ચર્ચાનો વિષય બન્યો છે. ■

# અમદાવાદના સાણંદમાં ટાબરિયો ₹ ૧૦ લાખની રોકડ તફડાવીને પલાયન

*અમદાવાદ:* જિલ્લાના સાણંદમાં એસટી સ્ટેન્ડ નજીક પાર્ક કરેલી કારમાંથી રૂપિયા દસ લાખની રકમ ભરેલી થેલી તફડાવી ગઠિયો ફરાર થઈ ગયો હતો. સાણંદમાં રહેતા અને એસટી સ્ટેન્ડ સામે કોલ્ડ્રીંક્સની દુકાન ધરાવતા ભરતભાઈ પટેલે અમદાવાદથી તેઓને મોડું ઘરે આવવાનું હોવાથી તેમને ધંધાના કામના રૂપિયા દસ લાખ તેના સાળા મયંક પટેલને આપ્યા હતા. આ રકમ તેમણે સાળાને દુકાને આપી જવા કહ્યું હતું. મયંક પટેલ કાર લઈ રૂપિયા દસ લાખ એક થેલીમાં લઈ ભરતભાઈ પટેલને દુકાને આપવા ગયા હતા. મયંક પટેલે કાર દુકાન નજીક એસટી સ્ટેન્ડ પાસે પાર્ક કરી હતી. મયંક પટેલ કાર બસસ્ટેન્ડ પાસે જ મૂકી કોઈ કામસર તે બહાર ગયા હતા તે દરમિયાન કોઈ ગઠિયો કારનો દરવાજો સિફતપૂર્વક ખોલી કારની આગળની સીટમાં મૂકેલી રૂપિયા દસ લાખની રકમ સાથેની થેલી તફડાવી ફરાર થઈ ગયો હતો. મયંક પટેલે આવીને જોતા કારમાંથી થેલી ગાયબ હોઈ સઘન તપાસ શરૂ કરી હતી. દરમિયાનમાં આ સ્થળે ઊભેલા રિક્ષાચાલકે માહીતી આપી હતી કે દસથી ૧૨ વર્ષનો એક છોકરો ગાડીમાંથી થેલી તફડાવી બસસ્ટેન્ડ તરફ નાસી છૂટ્યો છે. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી જઈ બસસ્ટેન્ડની આજુબાજુ સઘન તપાસ શરૂ કરી હતી, પરંતુ ગઠિયો હાથમાં આવ્યો ન હતા. પોલીસે આ અંગે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભાવનગરે કલા-સંસ્કૃતિ ક્ષેત્રે વધુ ઇનામો મેળવી ગુજરાતમાં નામ રોશન કર્યું છેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* ભાવનગરના વિકાસ માટે જી.આઇ.ડી.સી અને કાળીયાબીડના જૂના પ્રશ્નનો ઝડપથી ઉકેલ આવશે. ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસનું ડ્રેજિંગનું કામ પૂર્ણતાના આરે હોવાથી આ સેવા ટૂંક સમયમાં શરૂ કરાશે. આ માટે શીપ પણ બુક થઇ ગઇ છે. તેમ ગુજરાતના મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. મુખ્ય પ્રધાને ભાવનગરના ખ્યાતનામ કવિ અને કલાકારો ઝવેરચંદ મેઘાણી, ગોવર્ધન ત્રિપાઠી, ધરમશીભાઇ શાહ, ખોડીદાસભાઇ પરમારને યાદ કરીને જણાવ્યું હતું કે, કલા જીવનમાં નવો સંચાર પૂરે છે. માનવી કલાથી જીવંત છે. મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના હસ્તે વિજેતા શ્રેષ્ઠ કલાકારોનું રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય પ્રધાને કલાક્ષેત્રના વિવિધ સ્પર્ધકો સાથે ફોટો સેશન કરીને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ બાદ મુખ્ય પ્રધાન સહિત તમામ મહાનુભાવોએ કલાકારોની સુંદર કૃતિઓ નિહાળી હતી. મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ખેલ મહાકુંભની સાથોસાથ કલા મહાકુંભ દ્વારા કલા, સંસ્કૃતિ અને સાહિત્યને જીવંત રાખવા દેશમાં કલા મહાકુંભની શરૂઆત કરનાર ગુજરાત પ્રથમ છે. ભાવનગરના રાજવીશ્રી કૃષ્ણકુમારસિંહજી પણ કલારસિક હતા, એમ જણાવી મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, ખેલ મહાકંભમાં પોણા ત્રણ લાખ સ્પર્ધકોએ ભાગ લીધો છે. ■

# રાજકોટમાં કારે રિક્ષાને અડફેટે લેતા રિક્ષાચાલકનું મોત

*રાજકોટ:* શહેરના મોરબી રોડ પર પૂરપાટ ઝડપે આવેલી કારે રિક્ષાને અડફેટે લેતા રિક્ષાચાલકનું મોત નિપજ્યું હતું. મોરબી રોડ પર અવધ ગ્રીન પાર્ટી પ્લોટ પાસે રાત્રીના એક કારની ટક્કરે રિક્ષા ચડી જતાં તેના ચાલક ગવરીદળના પ્રૌઢનું મોત નિપજ્યું હતું. મૃતક રાજકોટથી નમાઝ પઢીને પરત ગવરીદળ જતાં હતાં ત્યારે રસ્તામાં અકસ્માત નડ્યો હતો. જાણવા મળ્યા મુજબ ગવરીદળ રહેતાં અબ્દુલભાઈ જુસબભાઈ પિપરવાડિયા નામના મુસ્લિમ પ્રૌઢ ગત સાંજે રાજકોટ પોતાની રિક્ષા લઈને નમાઝ પઢવા માટે આવ્યા હતાં. અહિથી રાત્રે અગિયારેક વાગ્યે પરત ગવરીદળ જઈ રહ્યા હતાં ત્યારે મોરબી રોડ અવધ પાસે કારની ટક્કરે ચડી જતાં ગંભીર ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં, પરંતુ અહીં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં એએસઆઈ હોસ્પિટલે અને બનાવ સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. અબ્દુલભાઈ પાક્કા નમાઝી હોઈ દરરોજ દીકરાની રિક્ષા લઈને રાજકોટ નમાઝ પઢવા આવતાં હતાં. પણ નિત્ય ક્રમ મુજબ નમાઝ માટે આવ્યા હતાં અને પરત ગવરીદળ જતા હતાં ત્યારે રસ્તામાં અકસ્માત નડ્યો હતો. જે જીવલેણ નીવડ્યો હતો. બનાવથી પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. ■

# સંવેદનશીલ ગણાતા પોરબંદર દરિયાઈ વિસ્તારમાં આતંકવાદી પ્રવૃત્તિની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*પોરબંદરઃ* સંવેદનશીલ ગણાતા પોરબંદરના દરિયાઈ વિસ્તારમાં આતંકવાદી પ્રવૃત્તિ થઈ રહ્યાની આશંકાને પગલે તમામ એજન્સીઓને એલર્ટ અપાયા છે તેમ જ લોકોને પણ સાવધાની રાખવાની અપીલ કરવામાં આવી હતી. પોરબંદર દરિયામાં તેમ જ દરિયાઈ કાંઠા આસપાસ આતંકવાદી પ્રવૃતિઓ થઈ રહી હોવાની સુરક્ષા એજન્સીઓને મળેલ ગુપ્ત માહિતીના આધારે એલર્ટ જાહેર કરીને લોકોને સાવધાની રાખવા આદેશ કરાયો છે. કચ્છમાં બોટ સાથે માછીમારો પકડાવવાની અને ભાગી છૂટવાની ઘટના બાદ સુરક્ષા એજન્સીઓ દ્વારા ચેતવણી આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ પોરબંદર દરિયામાં તેમ જ દરિયા કિનારા આસપાસ અસામાજિક પ્રવૃતિ તેમ જ આતંકવાદી પ્રવૃતિ થઈ રહી હોવાની આઈ. બી. અને બંદર ઓથોરિટીને ગુપ્ત માહિતી મળી હતી જેથી સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે અને આવી કોઈ પણ હિલચાલ સામે પગલાં ભરવા સૂચના આપવામાં આવી છે. જીએમબીના અધિકારીઓ અને કર્મચારીઓ પણ આ સૂચનાના પગલે દરિયાઈ વિસ્તારમાં સાવધ રહેવા લોકોને સૂચના આપી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા એલર્ટ જાહેર કરીને શંકાસ્પદ વિસ્તારોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. તેમ જ દરિયાકાંઠે કોઈ પણ શંકાસ્પદ હિલચાલ નજરે પડે તો તાત્કાલિક પોલીસને જાણ કરવા આદેશ કરવામાં આવ્યો હતો.

સુરક્ષા એજન્સીઓને મળેલી બાતમીના આધારે શંકાસ્પદ હિલચાલોને રોકવા માટે અને કોઈની પણ સંડોવણી ખૂલે તો તેની સામે પગલાં ભરવા સતર્ક રહેવા આદેશ કરાતા સુરક્ષા એજન્સીઓ, પોલીસ ટીમ, મરીન પોલીસ, કોસ્ટગાર્ડ સહિતની ટીમ વધુ સતર્ક થઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ પોરબંદર ઍરપોર્ટ ઉપર પોરબંદરથી મુંબઈ જવા માટે દિપાંકર મંડલ નામના એક મુસાફરની ઍરપોર્ટ ઓથોરીટી દ્વારા ચકાસણી કરવામાં આવી રહી હતી ત્યારે દિપાંકર પાસે રહેલા થેલામાં શું છે? તેમ પૂછતા દિપાંકરે આ થેલામાં બૉમ્બ છે તેમ મજાકમાં જણાવતા જ ઍરપોર્ટ ઓથોરીટીમાં દોડધામ મચી ગઈ હતી અને તાત્કાલિક ઉદ્યોગનગર પોલીસ ટીમને બોલાવવામાં આવી હતી. ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. દિપાંકર મંડલની પૂછપરછ કરતા મજાક કરી હોવાનું ખૂલ્યું હતું. તેના થેલામાંથી કપડા અને સામાન મળી આવ્યા હતા, ત્યાર બાદ આ યુવકને જવા દેવામાં આવ્યો હતો. આવી રીતે સામાન્ય મજાકની મસ્તી મુંબઈના યુવકને ભારે પડી હતી. ■